દાખલ તારીખ :
નોંધ્યા તારીખ :
ફેંસલ તારીખ :
સમયગાળો :વર્ષ માસ દવસ

**અમદાવાદનાં મહે. એડિ.ચીફ મેટ્રો.મેજી. સાહેબની કોર્ટ નં.૨૦ સમક્ષ, અમદાવાદ**

**ફોજદારી કેસ નંબર : ૨૮૧૯૩/૨૦૨૨**

ફરિયાદી : શ્રી સરકાર

– : વિરૂધ્ધ : –

આરોપી : ઉષાબેન દિલીપભાઈ બિજેનસીંગ શાહ

// **ચુકા દો** //

ા૧ા ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવસમયે અને સ્થળે કોઈપણ પ્રકારની પાસ–પરમીટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મુદ્દામાલ રાખી પકડાઈ જતાં આરોપી સામે ધી ગુજરાત પ્રોહી. એમેન્ડમેન્ટ એકટની કલમ : ૬૬(૧)(બી)/૬૫(એ)(એ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

ા૨ા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધીત મુદ્દામાલની માત્રા તથા તાજેતરમાં ગુજ.સરકારશ્રી ધ્વારા જાહેરનામા નં.જીજી/૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/ઈ–૧, તા. ૨/૭/૧૯ થી પ્રતિબંધક મુદ્દામાલની ન્યુનતમ માત્રા નકકી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા હોય આંક : ૧ લગત વિસ્તારથી હુકમ કરી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

ા૩ા આરોપીએ સદરહુ ગુનાના કામે અલાયદા કબુલાત પુરસીસ આપી તેમા જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશું નહીં, તેવું જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩:૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.

ા૪ા તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમા લેતાં તથા પ્રવર્તમાન કાનૂની પ્રબંધો ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેંથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા કે જે સરકારશ્રી ધ્વારા નિર્ધારીત કરવામાં

આવેલ ન્યુનતમ માત્રાથી પણ ઓછી માત્રા છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતા તથા તેની સાથેસાથે અદાલત સમક્ષ અન્ય પેંડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતા, સદર ગુનાના કામે જો આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરિયાદી કે જેઓ સરકારી અમલદાર છે, તેવી જ રીતે સરકારી સાહેદો,પંચો અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમા લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શકય નથી. વધુમાં ધી ગુજ.પ્રોહી.એકટ અન્વયેના કેસોમા ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્રમાણ ધ્યાને લેતાં તે ઘણું ઓછું છે.વધુમાં આરોપીનો સમય, ફરિયાદપક્ષે સરકારી વકીલનો સમય,સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે. તેના બદલે જો આરોપી પ્રથમ મુદૃતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય, તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જયારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ નામ.ગુજ. હાઈકોર્ટ ધ્વારા **ગુજરાત રાજય–વિ.– નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧)જી.એલ.આર.૭૦૯** નાં ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // <u>આ ખ રી હુ ક મ</u> //

:૧: આ કામના આરોપીને ફોજ.કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ : ૬૬(૧)(બી)/૬૫(એ)(એ) મુજબના ગુના બદલ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૫૦૦/–(અંકે રૂપિયા પાંચ સો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **<u>દિન–૧૦</u>** ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

:૨: મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

:૩: મુદ્દામાલ વાહન/મોબાઈલ અંગે વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે. વિકલ્પે અપીલ સમય વીત્યાબાદ માલિકીની ખરાઈ કરી પરત આપવો.

આ ઠરાવ આજ રોજ સ્પેશિયલ મેજી. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/ ૨૦૨૨
અમદાવાદ

**( કુ. સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ )**
GJ01123
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ